(23)


# રોજગાર અને તાલીમ કમિશનરની કચેરી,

બ્લોક નં.૮, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વેબસાઈટ: www.talimrojgar.org.

ફોન નં.079/23253778 ફેક્સ નં.079/23253835


ક્રમાંકઃ–રોતાનિ/સ્કીમે.૬/અવડ/૩૯૯૯/૨૦૧૪ (૫૫) તા. ૦૫/૦૭/૨૦૧૪

તાત્કાલીક/અગત્યનું

પ્રતિ,
સચિવાલયના વિભાગો (તમામ),
ખાતાના વડાશ્રીઓ (તમામ),
ગુજરાત રાજ્ય

વિષયઃ– વર્ષ : ૨૦૧૪ માટે વિકલાંગ પારિતોષિક માટેની જાહેરાત બાબતે

શાખા 47.55.17

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જય ભારત સહ જણાવવાનું કે દર વર્ષની માફક ચાલુ વર્ષ ૨૦૧૪ માટે અંધ, બ્હેરા મુંગા, અપંગ તેમજ રકતપિતમૂકત તેમજ મંદ બુધ્ધિના કર્મચારીઓ તેમજ તેમને કામે રાખતા નોકરીદાતાઓ તથા શ્રેષ્ઠ સ્થાનભરણી અધિકારી (પ્લેસમેન્ટ ઓફિસર) માટેની રાષ્ટ્રીય / રાજય પારિતોષિકો માટેની સ્પર્ધા અંગેની જાહેરાત વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થનાર છે. જે જાહેરાતનો નમુનો આ સાથે જરૂરી કાર્યવાહી સારું મોકલી આપવામાં આવે છે.

આપના તાબાની કચેરીઓમાં કામ કરતા વિકલાંગ કર્મચારીઓ તથા નોકરીદાતા તરીકે આપની કચેરી પણ ભાગ લઈ શકે તે માટે બહોળી પ્રસિધ્ધ અર્થે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

બિડાણઃ– ઉપર મુજબ.

આપનો વિશ્વાસુ,
સહી/–
અધિક નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

રવાના કર્યું

મદદનીશ નિયામક (રોજગાર)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

**નકલ રવાના :**
(૧) શાખા અધિકારીશ્રી, રોજગાર અને તાલીમ પાંખની તમામ શાખાઓ તરફ યોગ્યતા ધરાવતા વિકલાંગ કર્મચારીઓના ફોર્મ ભરાવવા અંગે.
(૨) કચેરીના નોટીસબોર્ડ ઉપર .
(૩) શાખા અધિકારીશ્રી, મીસેલીયન્સ શાખા વડી કચેરી તરફ ઉકત જાહેરાત ખાતાની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરાવવા સારૂં.

૨૫૦૦/અ.3
૨૨/૭/૧૪

A.3.3

uploaded on website

મુખ્ય સચિવ વિભાગ, ન.ફૂ.ક. જ.ન. ૫૫૧૭ તા. 6 AUG 2014 એડીએમ-3 શાખા

- 6 AUG 2014

જાહેરાત

કમિશનરશ્રી રોજગાર અને તાલીમની કચેરી,
બ્લોક નં.૮, ર્ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિકલાંગ વ્યકિતઓના કલ્યાણ માટે પારિતોષિક
વર્ષ:–૨૦૧૪

વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષના નીચે દર્શાવેલ કેટેગરીમાં રાષ્ટ્રીય અને રાજયકક્ષાની વિકલાંગ પારિતોષિંકો મેળવવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) શારીરિ ક્ષતિ ધરાવતી શ્રેષ્ઠ કાર્યક્ષમ વ્યકિતઓ/ સ્વરોજગાર કરતી વિકલાંગ વ્યકિતઓ,
(૨) વિકલાંગોને નોકરી રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા
(૩) વિકલાંગ વ્યકિતઓને થાળે પાડવાની કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીસર્સ.

ઉકત કેટેગરીઓની અરજીઓનો નમૂનો અત્રેના ખાતાની વેબસાઈટ www. talimrojgar.org ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. તથા નજીકની રોજગાર કચેરીમાંથી વિનામૂલ્યે તા.૨૧/૭/૧૪ સુધીમાં મળી શકશે. તેમજ ભરેલી અરજીઓ સાધનિક દસ્તાવેજો સહિત સંબંધિત કચેરીઓને તા.૩૧/૭/૧૪ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા જરુરી બિડાણો સહિત મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે.

વધુ માહિતી માટે જરૂર જણાયે નજીકની જિલ્લા રોજગાર કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

તા.૪/૭/૧૪.
સ્થળ:ગાંધીનગર

રવાના કર્યુ

મદદનીશ નિયામક (રોજગાર)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

સહી/–
અધિક નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.